| કુલ ગુણ | 100 |
|---|---|

# P-4

પરીક્ષાર્થીનો:
બેઠક ક્રમાંક

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

પરીક્ષનો બ્લૉક નંબર :

પરીક્ષાર્થીની સહી.........                                   બ્લૉક સુપરવાઇઝરની સહી : ................

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી**

પરીક્ષાર્થીને સૂચના :

(1) આ કસોટીપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઇ એક છે દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.
ઉદાહરણ તરીકે :
ગુજરાતનું પાટનગર કયું છે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) બડનગર (D) પાટણ
જવાબવહી (Answer Sheet) માં
(A) (B) (C) (D)
ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે આથી "B નું વર્તુળ કાળું" (encode) કરેલ છે. ઉમેદવારોએ જવાબમાં "ગાંધીનગર" લખવું નહીં.

(2) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઇ છે.

(3) પ્રશ્નપત્ર પરીક્ષાર્થીને મળે તરત જ ઉત્તરપત્ર (Answer Sheet) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાને રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ (1) એક ગુણ મળવાપાત્ર થશે છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબના ગુણ મળવાપાત્ર નથી માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. (No negative marking system)

(5) ઉત્તરપત્ર (OMR Sheet) માં બ્લોક સુપરવાઇજરની સહી લેવી આવશ્યક છે બ્લોક સુપરવાઇજરની સહી વગરનું ઉત્તરપત્ર (OMR Sheet) તપાસવામાં આવશે નહી.

(6) ઉત્તરપત્ર (OMR Sheet) માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઇ પણ પ્રકારની નિશાની કરવાનો સખ્ત મનાઇ છે તેમ છતા પણ કોઇ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) ઉત્તરપત્ર (OMR Sheet) ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇજર બનેની સહી ફરજીયાત છે અને સહી વિનાના ઉત્તરપત્ર (OMR Sheet) વાળા પરીક્ષાર્થી ગેરલાયક ઠરશે.

(8) પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઇ પણ સાહિત્ય ગાઇડ, અન્ય સ્લીપો, કાપલી, માર્ગદર્શિકા, હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, કેલક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો, પેજર, મોબાઇલ ફોન હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે.

(9) પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી.

(10) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(11) ઉમેદવારે વાદળી/કાળી બોલપાઇન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહી બ્લેક કે રબ્બરથી કે અન્ય કોઇ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહી.

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR Sheet) બ્લોક સુપરવાઇજરને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગનાં પગલાં ગણી પરીક્ષાા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

**SPACE FOR ROUGHJ WORK**

(1) ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ભરતી પ્રક્રિયા કઈ કચેરી સંભાળે છે ?

(A) ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ (B) RMSA

(C) શાળાઓની કચેરી (D) રાજ્ય પરીક્ષા બોર્ડ

(2) સર્વ શિક્ષા અભિયાન (SSA) નું સ્લોગન (ધ્યેય વાક્ય) શું છે ?

(A) બેટી બચાઓ, બેટી પઢાઓ (B) સૌ ભણે, સૌ આગળ વધે

(C) સર્વ શિક્ષા, સૌની શિક્ષા (D) સર્વ બાળ આગળ વધે

(3) નીચેનામાંથી કયો ક્રમ સાચો છે ?

(A) ફેળવણી નિરીક્ષક < TPEO < DPEO

(B) DEO < EI < AEI

(C) શિક્ષણ સચિવ < પ્રાથમિક શિક્ષણ નિયામક < DPEO

(D) શિક્ષક < ફેળવણી નિરીક્ષક < આચાર્ય

(4) રાજ્યમાં યોજાતા ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન અને અમલીકરણ કઈ સંસ્થા દ્વારા થાય છે ?

(A) શાળાઓની કચેરી

(B) ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ

(C) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી

(D) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ, ગાંધીનગર

(5) ધોરણ 1 થી 10 ના અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીના બાળકો માટેની શિષ્યવૃત્તિ યોજના હેઠળ કેટલી રકમ ચુકવવામાં આવે છે ?

(A) ₹ 2,000 (B) ₹ 3,500

(C) ₹ 2,500 (D) ₹ 3,000

(6) મધ્યાન ભોજન યોજનામાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના હિસ્સા માટે શું સાચું છે ?

(A) કેન્દ્ર સરકાર - 50% રાજ્ય સરકાર - 50%

(B) કેન્દ્ર સરકાર - 40% રાજ્ય સરકાર - 60%

(C) કેન્દ્ર સરકાર - 60% રાજ્ય સરકાર - 40%

(D) કેન્દ્ર સરકાર - 70% રાજ્ય સરકાર - 30%

(7) RTE Rules - 2012 મુજબ શાળા વ્યવસ્થાપન સમિતિ કેટલા સભ્યોની બનેલી હોવી જોઈએ ?

(A) બાર સભ્યો (B) આઠ સભ્યો

(C) દસ સભ્યો (D) ચૌદ સભ્યો

(8) ઉચ્ચતર માધ્યમિક શાળામાં વર્ગ દીઠ શિક્ષક રેશિયો કયો છે ?

(A) 3 (B) 2.5

(C) 1.5 (D) 3.5

(9) BISAG ના માધ્યમથી ધો-9 થી 12 ના વિદ્યાર્થીઓ માટે કઈ ચેનલ દ્વારા શૈક્ષણિક કાર્યક્રમો પ્રસારિત થાય છે ?

(A) DD ગીરનાર
(B) DD શિક્ષણ
(C) વંદે ગુજરાત
(D) નમો ગુજરાત

(10) RTE -Act 2009 અનુસાર બાળકને તપાસ કાર્યપધ્ધતિને આધિન કરે તેને કેટલા રૂપિયા દંડની જોગવાઈ છે ?

(A) ₹ 20,000
(B) ₹ 15,000
(C) ₹ 25,000
(D) ₹ 30,000

(11) SCPCR નું ગુજરાતી ભાષામાં પૂરું નામ શું છે ?

(A) રાજ્ય બાળ અધિકાર અને સંભાળ આયોગ
(B) રાજ્ય બાળ સંભાળ અને સુરક્ષા આયોગ
(C) રાજ્ય બાળ અધિકાર સુરક્ષા આયોગ
(D) રાજ્ય બાળ અધિકાર અને આરોગ્ય સંભાળ આયોગ

(12) RTI એક્ટ - 2005 અનુસાર અરજદારે માંગેલી માહિતી તેની વિનંતી મળ્યાથી કેટલા દિવસની અંદર પૂરી પાડવી જોઈએ ?

(A) 30 દિવસ
(B) 15 દિવસ
(C) 20 દિવસ
(D) 25 દિવસ

**સૂચના :** એક માધ્યમિક શાળામાં ધો 9 અને 10 ના કુલ દસ વર્ગોમાં 600 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, તો નીચેના પ્રશ્ન ક્રમાંક 13 થી 15 ના જવાબ આપો.

(13) શિક્ષકોની સંખ્યા જણાવો.

(A) 12
(B) 13
(C) 14
(D) 15

(14) ક્લાર્કનું મહેકમ કેટલું હશે ?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) ચાર

(15) પટ્ટાવાળાનું મહેકમ કેટલું હશે ?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) ચાર

(16) RTE-Rules-2012 અનુસાર રાજ્ય સલાહકાર પરિષદના અધ્યક્ષ કોણ ગણાશે ?

(A) પ્રાથમિક શિક્ષણ નિયામક
(B) શિક્ષણ વિભાગના અગ્ર સચિવ
(C) મુખ્યમંત્રી
(D) શિક્ષણ મંત્રી

(17) BRC નું પુરું નામ જણાવો.

(A) બ્લોક રીસર્ચ કોર્ડીનેટર
(B) બ્લોક રીસોર્સ કન્ટ્રોલર
(C) બ્લોક રીસોર્સ કોર્ડીનેટર
(D) બ્લોક રીસર્ચ કમાંડર

(18) આંતરરાષ્ટ્રીય સ્તરે બાળકોના 11 હકોમાંથી નીચેનામાંથી કયા હકનો સમાવેશ થતો નથી ?

(A) શિક્ષણ પ્રાપ્ત કરવું
(B) આર્થિક સ્વાતંત્ર્ય આપવું
(C) પ્રોત્સાહન મેળવવું
(D) વ્યક્તિત્વનું સ્વતંત્ર અસ્તિત્વ

(19) RTE Rules-2012 અનુસાર ઉંમરના પુરાવા તરીકેના દસ્તાવેજમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) હોસ્પીટલ નર્સ રજિસ્ટર રેકાર્ડ
(B) આંગડવાડી રેકાર્ડ
(C) વાલીનું સોગંધનામું
(D) જન્મ કુંડળી

(20) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને સેવાકાલીન તાલીમ કઈ સંસ્થા દ્વારા આપવામાં આવે છે ?

(A) SSA
(B) STTI
(C) DIET
(D) કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર

(21) શૈક્ષણિક વર્ષ 2019-20 થી ધો-10 માં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના સ્થાને આંતરિક મૂલ્યાંકનના કેટલા ગુણ રાખવામાં આવ્યા છે ?

(A) 20 ગુણ
(B) 25 ગુણ
(C) 30 ગુણ
(D) 40 ગુણ

(22) રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિજ્ઞાન પ્રવાહના સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને ટ્યુશન પેટે વાર્ષિક કેટલી રકમ આપવામાં આવે છે ?

(A) ₹ 30,000
(B) ₹ 25,000
(C) ₹ 20,000
(D) ₹ 15,000

(23) શાળા કક્ષાએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ કયારે ઉજવવામાં આવે છે ?

(A) 5 - જૂન
(B) 28 - ફેબ્રુઆરી
(C) 21 - માર્ચ
(D) 22 - ડીસેમ્બર

(24) RTE-2009 માં માતા-પિતા અને વાલીઓની ફરજ કઈ કલમથી નિર્દિષ્ટ કરેલ છે ?

(A) કલમ-12
(B) કલમ-10
(C) કલમ-15
(D) કલમ-7

(25) પ્રવાસી શિક્ષક માટે નીચેનામાંથી શું સાચું નથી ?

(A) માધ્યમિક શિક્ષણના તાસ દિઠ ₹ 70
(B) ઉ.મા.શિક્ષણના તાસ દિઠ ₹ 90
(C) પ્રાથમિક શિક્ષણના તાસ દિઠ ₹ 50
(D) મહત્તમ 6 તાસ

(26) RTE Rules-2012 અનુસાર અધ્યયન નિષ્પત્તિ (લર્નિંગ આઉટકમ્સ) અંતર્ગત વિદ્યાર્થીઓની અભ્યાસ પૂરક પ્રવૃત્તિઓનું ભારાંક કેટલું રાખવામાં આવેલ છે ?

(A) 15%
(B) 20%
(C) 30%
(D) 40%

(27) રાજ્ય સરકાર દ્વારા સંચાલિત મોડેલ સ્કૂલમાં કયા ધોરણોનો સમાવેશ કરવામાં આવેલ છે ?

(A) ધોરણ 5 થી 10
(B) ધોરણ 9 થી 12
(C) ધોરણ 6 થી 12
(D) ધોરણ 1 થી 12

(28) ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ દ્વારા કયા વર્ષથી કન્યાઓને પરીક્ષા ફી માફી આપવામાં આવેલ છે ?

(A) માર્ચ 2019
(B) માર્ચ 2018
(C) માર્ચ 2020
(D) માર્ચ 2017

(29) રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા યોજાતી રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા કયા ધોરણના વિદ્યાર્થીઓ માટે લેવામાં આવે છે ?

(A) ધોરણ - 8
(B) ધોરણ - 9
(C) ધોરણ - 10
(D) ધોરણ - 11

(30) કઈ મોબાઈલ એપ્લીકેશન દ્વારા શાળા કક્ષાએથી વિડિયો કોન્ફરન્સનું આયોજન થઈ શકે છે ?

(A) Team
(B) Meeting
(C) Control
(D) Video Hall

(31) ધોરણ- ૮ પછી જે વિદ્યાર્થી ઔદ્યોગિક તાલીમ સંસ્થાનો બે વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ કરે તેને ધોરણ - 10 સમકક્ષ ગણાવા નીચેના પૈકી શું જરૂરી નથી ?

(A) નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ [N.C.V.T] માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમ પરીક્ષા પાસ કરેલ હોવી જાઈએ.
(B) ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ [G.C.V.T] માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમ પરીક્ષા પાસ કરેલ હોવી જાઈએ.
(C) ધોરણ - 10 ગણિત વિષય સાથે પાસ કરવી પડે
(D) ધોરણ - 10 ની પરીક્ષા અંગ્રેજી તેમજ ગુજરાતી વિષય સાથે પાસ કરવી પડે

(32) કૌશલ્ય તાલીમ પામેલ વિદ્યાર્થીને શિક્ષણની મુખ્ય ધારા સાથે જોડવા અંગેનો નીતિના ભાગરૂપ ધોરણ - 10 કે ધોરણ - 12 ને સમકક્ષ ગણવાની જોગવાઈ થયેલ છે. ઉમેદવારને આવું 'સમકક્ષતા' પ્રમાણપત્ર કોણ પ્રદાન કરે છે ?

(A) ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ [G.C.V.T.]
(B) નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ [N.C.V.T.]
(C) ગુજરાત રાજ્ય તાલીમ અને રોજગાર કચેરી દ્વારા સમગ્ર રાજ્યના જિલ્લા મથકો
(D) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

(33) ગુજરાત રાજ્યમાં સપ્તમુ પગાર પંચ કયાં વર્ષથી અમલવારી થઈ છે ?

(A) 1-1-2016
(B) 1-1-2017
(C) 1-7-2016
(D) 1-7-2017

(34) સાતમા પગારપંચમાં ઈજાફો દર મૂળ પગાર ઊપર કેટલો ગણવાની જોગવાઈ છે ?

(A) 7%
(B) 3%
(C) 4%
(D) 5%

(35) નિવૃત્ત થનાર કર્મચારીને ગ્રેજ્યુઈટીની રકમ મહત્તમ કેટલી મળી શકે ?

(A) રૂપિયા પચ્ચીશ લાખ
(B) રૂપિયા પંદર લાખ
(C) રૂપિયા વીસ લાખ
(D) કોઈ મર્યાદા નથી

(36) મહેશ ભાઈ ભટ્ટ ચાલુ નોકરી દરમિયાન મૃત્યુ પામેલ છે અને તેઓએ 10 વર્ષની નોકરી કરેલ છે. તેઓને ગ્રેજ્યુઈટીની રકમ કેટલી મળે ?

(A) પાંચ પગાર જેટલી રકમ
(B) દસ પગાર જેટલી રકમ
(C) છ પગાર જેટલી રકમ
(D) બાર પગાર જેટલી રકમ

(37) શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક યોજનાનું અમલીકરણ નીચેના પૈકી કઈ કચેરી દ્વારા થાય છે ?

(A) સમગ્ર શિક્ષા અભિયાન
(B) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
(C) નિયામક, શાળાઓની કચેરી
(D) નિયામક, પ્રાથમિક શિક્ષણ કચેરી

(38) રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક નો કાર્યક્રમ કઈ તારીખે યોજાય છે ?

(A) પાંચમી સપ્ટેમ્બર
(B) પહેલી સપ્ટેમ્બર
(C) પાંચમી નવેમ્બર
(D) પાંચમી ઓક્ટોબર

(39) ગુજરાત સરકારમાં અંદાજપત્ર (બજેટ) રજૂ થાય છે, તે ભારતના સંવિધાનના કયા અનુચ્છેદના આધારે થાય છે ?

(A) અનુચ્છેદ - 200
(B) અનુચ્છેદ - 203
(C) અનુચ્છેદ - 201
(D) અનુચ્છેદ - 202 (1)

(40) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી જાહેર પરીક્ષાઓમાં નીચેના પૈકી કોણે પરીક્ષા ફીમાંથી મુક્તિ મળેલ છે ?

(A) છોકરા - છોકરીઓ બંનેને
(B) ફક્ત છોકરાઓની
(C) દિવ્યાંગ તમામ વિદ્યાર્થીઓ
(D) પરીક્ષા ફીમાંથી કોઈને મુક્તિ નથી

(41) અનુદાનિત માધ્યમિક શાળાઓને અનુદાન સહાયની જોગવાઈઓ નીચેના પૈકી કયા નિયમથી લાગુ પડે છે ?

(A) સહાયક અનુદાન નિયમો
(B) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો
(C) ગુજરાત માધ્યમિક શિક્ષણ ધારો
(D) ગુજરાત ફી નિયમન ધારો

(42) સ્વનિર્ભર શાળાઓને પ્રોત્સાહન આર્થિક સહાય આપવાની જોગવાઈ મુજબ વિદ્યાર્થી દીઠ કેટલી વાર્ષિક સહાય આપવામાં આવે છે ?

(A) 8,500/- રૂપિયા
(B) 8,000/- રૂપિયા
(C) 7,000/- રૂપિયા
(D) 7,500/- રૂપિયા

(43) પ્રોત્સાહન યોજના નીચે આર્થિક સહાય મેળવતી શાળાઓ દ્વારા ધોરણ - 9 અને 10 માટે કેટલી પ્રવેશ ફી નક્કી થયેલી છે ?

(A) 15/- રૂપિયા
(B) 50/- રૂપિયા
(C) 75/- રૂપિયા
(D) 100/- રૂપિયા

(44) આદિજાતિ વિસ્તારની શાળા 80% કે તેથી વધુ ધોરણ - 10 નું પરિણામ આવે તો પ્રોત્સાહક યોજનાની લાભાર્થી શાળાને કેટલું વિશેષ પ્રોત્સાહન આપવાની જોગવાઈ છે ?

(A) 15% વધુ સહાય (B) 20% વધારે સહાય

(C) 10% વધારે સહાય (D) 5% વધારે સહાય

(45) શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું આકસ્મિત મૃત્યુ થાય તો 'વિદ્યાદીપ' યોજના અંતર્ગત વીમા કવચ તરીકે કેટલી રકમ મળે છે ?

(A) 75,000/- ₹ (B) 50,000/- ₹

(C) 25,000/- ₹ (D) 1,00,000/- ₹

(46) શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ને અકસ્માત નડે અને એક આંખ ગુમાવે તો કેટલી રકમની સહાય વિદ્યાદીપ યોજના નીચે મળે ?

(A) 75,000/- ₹ (B) 50,000/- ₹

(C) 25,000/- ₹ (D) 1,00,000/- ₹

(47) વિદ્યાદીપ યોજના હેઠળ લાભાર્થીના મૃત્યુના કિસ્સામાં વારસદારો દ્વારા તેના લગતો દાવો (અરજી) જે તે ખાતાના નોડલ અધિકારી ને કેટલા દિવસમાં રજૂ કરવાનો રહેશે ?

(A) 60 દિવસ (B) 30 દિવસ

(C) 45 દિવસ (D) 90 દિવસ

(48) ધોરણ - C માં પ્રવેશ મેળવતી કન્યાઓએ કેટલી રકમનો 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' આપવાની જોગવાઈ છે ?

(A) 2,000/- ₹ (B) 2,500/- ₹

(C) 1,500/- ₹ (D) 1,000/- ₹

(49) આદર્શ માધ્યમિક શાળા (ગ્રાન્ટ-ઈન-એઈડ) માં ધોરણ - 9 ના 06 વર્ગો ચાલે છે અને સાતમો (07) વર્ગ માગેલ છે. શાળાનું ધોરણ - 10 નું પરિણામ વર્ગવધારા માટે કેટલું હોવું જોઈએ ?

(A) 75% કે તેથી વધારે (B) 70% કે તેથી વધારે

(C) 65% કે તેથી વધારે (D) 60% કે તેથી વધારે

(50) શહેરી વિસ્તારની ગ્રાન્ટ-ઈન-એઈડ શાળામાં ધોરણ 9 માં 01 વર્ગ મંજૂર છે. ધોરણ 9 ના બીજા વર્ગ માટે પ્રથમ વર્ગની 60 વિદ્યાર્થી સંખ્યા ઉપરાંત કેટલી સંખ્યા હોવી જોઈએ ?

(A) 24 વિદ્યાર્થી (B) 36 વિદ્યાર્થી

(C) 33 વિદ્યાર્થી (D) 48 વિદ્યાર્થી

(51) શહેરી વિસ્તારમાં આવેલી ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓને સરાસરી હાજરી કેટલી હોય તો ગ્રાન્ટ- કાપ આપવાનો રહેતો નથી ?

(A) 60% (B) 70%

(C) 80% (D) 75%

(52) ગ્રામ્ય વિસ્તારમાં આવેલી અનુદાનિત શાળામાં સરાસરી હાજરી 50% છે તો મળવાપાત્ર ગ્રાન્ટની રકમમાં કેટલી ગ્રાન્ટ કપાત થાય ?

(A) 100%
(B) 75%
(C) 50%
(D) 25%

(53) અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ધોરણ - 11 સળંગ એકમ તરીકે મંજૂર કરવા માટે ગ્રામ્ય વિસ્તારમાં કેટલી વસતી હોવી જરૂરી છે ?

(A) 7,000 થી વધુ
(B) 7,500 થી વધુ
(C) 8,000 થી વધુ
(D) 6,500 થી વધુ

(54) સળંગ એકમ યોજના હેઠળ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોનું પ્રમાણ કેટલું નિયત થયેલ છે ?

(A) વર્ગ દીઠ 1.5 શિક્ષક
(B) વર્ગ દીઠ 2.5 શિક્ષક
(C) વર્ગ દીઠ 02 શિક્ષક
(D) વર્ગ દીઠ 1.3 શિક્ષક

(55) અનુદાનિત શાળાઓના વર્ગ વધારા માટેની રચાયેલ સમિતિમાં નીચેના પૈકી કોણ સભ્ય નથી ?

(A) સંયુક્ત નિયામકશ્રી (હિસાબ)
(B) સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (10+2)
(C) સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક)
(D) સંયુક્ત સચિવ (શિક્ષણ વિભાગ)

(56) કુલ 09 વર્ગો ધરાવતી અનુદાનિત માધ્યમિક શાળામાં વર્ગ દીઠ માસિક નિભાવ અનુદાન કેટલું નિયત થયેલ છે ?

(A) 2,400/- ₹
(B) 2,000/- ₹
(C) 1,400/- ₹
(D) 2,500/- ₹

(57) ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાનો વર્ગ વધારો ના મંજૂર થયેલ છે. તો ઉક્ત શાળાએ શિક્ષણ વિભાગને અપીલ કરવા માટે પ્રોસેસીંગ ફી કેટલી ભરવી પડશે ?

(A) 750/- ₹
(B) 1000/- ₹
(C) 500/- ₹
(D) 1500/- ₹

(58) રાજ્યમાં શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહન યોજના હેઠળ માધ્યમિક શાળા રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરે તો કેટલું પ્રોત્સાહન ઇનામ આપવાની જોગવાઈ છે ?

(A) 4 લાખ રૂપિયા
(B) 2 લાખ રૂપિયા
(C) 3 લાખ રૂપિયા
(D) 5 લાખ રૂપિયા

(59) રાજ્યની અનુદાનિત શાળાઓમાં તાસદીઠ માનદ્ વેતનથી પ્રવાસી શિક્ષક રાખવાની જોગવાઈ છે. તે અંતર્ગત માધ્યમિક વિભાગ માટે દૈનિક મહત્તમ વેતન કેટલું આપી શકાય?

(A) ₹ 540/- દૈનિક
(B) ₹ 450/- દૈનિક
(C) ₹ 300/- દૈનિક
(D) ₹ 350/- દૈનિક

(60) રાજ્યની અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં તાસ દીઠ માનદ્ વેતનથી શિક્ષણ કાર્ય માટે રોકાયેલ પ્રવાસી શિક્ષકને તાસ દીઠ કેટલા રૂપિયા માનદ્ વેતન આપવામાં આવે છે ?

(A) તાસ દીઠ 50/- રૂપિયા
(B) તાસ દીઠ 60/- રૂપિયા
(C) તાસ દીઠ 75/- રૂપિયા
(D) તાસ દીઠ 90/- રૂપિયા

(61) અનુદાનિત શાળાઓની મહિલા કર્મચારીને પ્રસુતિની કેટલી રજાઓ મળવાપાત્ર છે ?

(A) 180 દિવસ
(B) 90 દિવસ
(C) 135 દિવસ
(D) 120 દિવસ

(62) રાજ્યની અનુદાનિત શાળાઓમાં તાસ દીઠ માનદ્ વેતનથી જોગવાઈમાં મહત્તમ દૈનિક કેટલા તાસની જોગવાઈ છે ?

(A) 7 તાસ
(B) 6 તાસ
(C) 5 તાસ
(D) 8 તાસ

(63) સરકારી / બિન સરકારી અનુદાનિત શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શાળામાં આવવા જવા માટે GSRTC ની બસ સેવાનો લાભ આપવા પાસ કન્સેસન્સ ની જોગવાઈ અંદાજપત્રમાં કયા પેટાસદર હેઠળ થાય છે ?

(A) EDN - 18
(B) EDN - 14
(C) EDN - 26
(D) EDN - 39

(64) અનુદાનિત શાળાના શિક્ષક અન્ય શાળામાં જવા મૂળ શાળામાંથી છૂટા થવા માટે 'છૂટા થવાનું પ્રમાણપત્ર' મેળવે છે. તે કોની સહીથી ઈસ્યું કરવાની જોગવાઈ છે ?

(A) શાળા સંચાલક મંડળના મંત્રીશ્રી
(B) શાળાના આચાર્ય
(C) જિલ્લા શિક્ષણાધિકારી
(D) શાળાના સુપરવાઈજર

(65) અનુદાનિત શાળામાંથી છૂટા થયેલ કર્મચારીના 'છૂટા થવાના પ્રમાણપત્ર' માં નીચેના પૈકી કઈ વિગતનો સમાવેશ હોતો નથી ?

(A) કર્મચારીની જન્મતારીખ
(B) કર્મચારીની લાયકાત
(C) કર્મચારીના ઈજાફાની વિગત
(D) કર્મચારીના પ્રોવિડન્ડ ફંડના એકાઉન્ટ નંબર

(66) NTSE એટલે શું ?

(A) રાષ્ટ્રિય તકનિકી સેવા આયોગ
(B) રાષ્ટ્રિય પ્રતિભા શોધ કસોટી
(C) રાષ્ટ્રિય પ્રતિભા સ્કોલરશીપ કસોટી
(D) રાષ્ટ્રિય સૈનિક તાલીમ કસોટી

(67) NMMS પરીક્ષામાં મેરીટમાં આવતાં વિદ્યાર્થીઓને કેટલી શિષ્યવૃત્તિ મળે છે ?

(A) માસિક ₹ 1,000 લેખે વાર્ષિક ₹ 12,000 ચાર વર્ષ માટે
(B) માસિક ₹ 600 લેખે વાર્ષિક ₹ 7,200 ત્રણ વર્ષ માટે
(C) માસિક ₹ 500 લેખે વાર્ષિક ₹ 6,000 એક વર્ષ માટે
(D) માસિક ₹ 5,000 લેખે વાર્ષિક ₹ 60,000 ચાર વર્ષ માટે

(68) NTSE નાં દ્વિતીય તબક્કાની પરીક્ષા કોના દ્વારા યોજવામાં આવે છે ?

(A) NCTE, દિલ્લી (B) IIT, દિલ્લી

(C) NCERT, દિલ્લી (D) IITE, ગાંધીનગર

(69) NTSE ની પરીક્ષા કયા ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આપી શકે ?

(A) ધો. 8 (B) ધો. 10

(C) ધો. 12 (D) ધો. 6

(70) EBC એટલે શું ?

(A) Examination Backdrop Certificate (B) Exceptional Bravery Certificate

(C) Economically Backward Class (D) Educationally Bright Class

(71) કઈ શિષ્યવૃત્તિ નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતા દ્વારા આપવામાં નથી આવતી ?

(A) એમ.ફિલ / પી.એચ.ડી.નાં અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ

(B) ઉચ્ચતર માધ્યમિક ધો. 11-12 નાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

(C) નેશનલ સ્કીમ ઓફ ઇન્સેન્ટીવ ટુ ગર્લ્સ ફોર સેકન્ડરી એજ્યુકેશન

(D) તકનીકી અને વ્યવસાયી અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ

(72) વર્તમાનમાં સરકારી માધ્યમિક શાળાઓને એન્યુઅલ ગ્રાન્ટ પેટે વાર્ષિક કેટલી રકમ ફાળવવામાં આવે છે ?

(A) 15,000 (B) 30,000

(C) 40,000 (D) 80,000

(73) માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા કઈ શાળાકીય સ્પર્ધાઓને વિદ્યાર્થીઓમાં કલા અને સંસ્કૃતિ નાં સંસ્કાર સિંચન માટે સમગ્ર દેશમાં પુરસ્કૃત કરવામાં આવે છે ?

(A) સંસ્કાર ભારતી (B) કલા ઉત્સવ

(C) સપ્તક સંગીત સ્પર્ધા (D) નેશનલ સ્કૂલ ડ્રામા ફેસ્ટિવલ

(74) રાજ્યની મોડેલ સ્કૂલ્સનાં કેમ્પસમાં આવેલ ગર્લ્સ હોસ્ટેલ્સને હવે કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) MSGH (B) MSH

(C) KGBV TYPE - IV (D) KGBV - MS

(75) EBB એટલે શું ?

(A) Educationally Backward Blocks (B) Economically Backward Blocks

(C) Education Based Blocks (D) Economy Based Blocks

(76) યોજનાકીય માર્ગદર્શિકા અનુસાર શાળાઓમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓની સંખ્યા સામે તેઓ માટેનાં વિશિષ્ટ શિક્ષકોની નિમણુંકનું ગુણોત્તર પ્રમાણ કેટલું છે ?

(A) 5 : 1 (B) 12 : 1

(C) 15 : 1 (D) 25 : 1

(77) NSQF નીચેના પૈકી કોની સાથે સામાન્ય શિક્ષણનું જોડાણ કરવા માટેની યોજના છે ?

(A) ગાણિતિક શિક્ષણ
(B) ભાષાકીય શિક્ષણ
(C) વ્યવસાય લક્ષી શિક્ષણ
(D) શિષ્યવૃત્તિ

(78) રાજ્યના સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનાં વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો આપવા માટે વાલીની કેટલી આવક મર્યાદા નક્કી કરવામાં આવી છે ?

(A) વાર્ષિક 60,000
(B) વાર્ષિક 2,50,000
(C) વાર્ષિક 6,00,000
(D) કોઈ આવક મર્યાદા નક્કી કરવામાં આવેલ નથી

(79) સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં બિન અનામત વર્ગના બાળકો માટે મફત ગણવેશનો લાભ કઈ યોજના અંતર્ગત આપવામાં આવે છે ?

(A) વિદ્યાગણ યોજના
(B) વિદ્યાદીપ યોજના
(C) મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના
(D) મફત ગણવેશ પ્રદાન યોજના

(80) NMMS ની પરીક્ષા કયા ધોરણનાં વિદ્યાર્થીઓ આપી શકે છે ?

(A) ધોરણ - 6
(B) ધોરણ - 8
(C) ધોરણ - 9
(D) ધોરણ - 10

(81) NMMS ની પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક વધુમાં વધુ કેટલી હોવી જોઈએ ?

(A) 1,50,000
(B) 1,60,000
(C) 2,00,000
(D) 2,50,000

(82) માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા કોના દ્વારા લેવામાં આવે છે ?

(A) કમિશ્નર, ઉચ્ચ શિક્ષણની કચેરી
(B) નિયામક, શાળાઓની કચેરી
(C) નિયામક, વિકસતી જાતિ કલ્યાણની કચેરી
(D) રાજ્ય પરીક્ષા બોર્ડ

(83) ગુજરાતમાં આદર્શ નિવાસી શાળાઓ નીચેનાં પૈકી કયા વિભાગ દ્વારા નિભાવવામાં આવે છે ?

(A) શ્રમ અને રોજગાર વિભાગ
(B) શિક્ષણ વિભાગ
(C) સામાન્ય વહીવટ વિભાગ
(D) સમાજ કલ્યાણ વિભાગ

(84) સરકારી અને સરકાર દ્વારા અનુદાનિત શાળાઓના ધોરણ 9 થી 12 માં અભ્યાસ કરતાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને યોજનાકીય શૈક્ષણિક લાભો કઈ યોજના દ્વારા આપવામાં આવે છે ?

(A) ICDS
(B) VCDS
(C) IEDSS
(D) NUEPA

(85) પ્રવેશોત્સવ કાર્યક્રમનો મુખ્ય હેતુ શો છે ?

(A) 100% નામાંકન
(B) 80% થી વધુ હાજરી
(C) વિદ્યાર્થીઓને આર્થિક સહાય
(D) શૈક્ષણિક પ્રચાર-પ્રસાર

(86) SSA એટલે શું ?

(A) શાળા સંકુલ એશોસિએશન
(B) સમાજ શિક્ષા અભિયાન
(C) સમગ્ર શિક્ષા અભિયાન
(D) સર્વગ્રાહી સમાજ વ્યવસ્થા

(87) માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીની લાયકાત શું હોય છે ?

(A) વિદ્યાર્થી ધો - 5 થી 8 માં અભ્યાસ કરતો હોવો જોઈએ
(B) વિદ્યાર્થી ધો - 6 પાસ હોવો જોઈએ
(C) વિદ્યાર્થી ધો - 7 પાસ હોવો જોઈએ
(D) વિદ્યાર્થી પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા પાસ કરેલ હોવો જોઈએ

(88) રાષ્ટ્રિય ભારતીય મિલિટરી કોલેજ પ્રવેશ પરીક્ષા કોના દ્વારા લેવામાં આવે છે ?

(A) રાજ્ય પરીક્ષા બોર્ડ
(B) રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ
(C) કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી
(D) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

(89) ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક શાળાઓને આપવામાં આવેલ નિભાવ ગ્રાન્ટનું ઓડિટ કોણ કરે છે ?

(A) નિયામક, શાળાઓની કચેરી
(B) નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરી
(C) પે એન્ડ એકાઉન્ટ ઓફિસરની કચેરી
(D) GCERT

(90) ગુજરાતના વિદ્યાર્થીઓ અંગ્રેજીનું જ્ઞાન મેળવતાં થાય અને વૈશ્વિક ક્ષેત્રે હરિફાઈ કરતાં થાય તે માટે રાજ્ય સરકારે શરૂ કરેલ યોજનાનું નામ શું છે ?

(A) G. K. S.
(B) S. C. O. P. E.
(C) K. C. G.
(D) G. C. K.

(91) રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગનું ટૂંકુ નામ શું છે ?

(A) GSCPCR
(B) GPSCR
(C) APSCR
(D) DOSC

(92) બાળ અધિકાર સંરક્ષણ આયોગ અધિનિયમ, 2005 અનુસાર ‘બાળક’ એટલે એવી વ્યક્તિ જેણે _____ વર્ષની વય પુરી કરી ન હોય.

(A) 12
(B) 14
(C) 16
(D) 18

(93) વિદ્યાદીપ વિમા યોજના અંતર્ગત માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીનાં મૃત્યુના કેસમાં વિદ્યાર્થી દીઠ કેટલી સહાય ચૂકવવામાં આવે છે ?

(A) 25,000
(B) 50,000
(C) 65,000
(D) 1,00,000

(94) ધોરણ - 9 માં પ્રવેશ પામતી કન્યાઓને કેટલાં રૂપિયાનો સરદાર સરોવર નર્મદા નિગમનો વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે ?

(A) 1000
(B) 1200
(C) 2000
(D) 3000

(95) ગુજરાત પોષણ અભિયાન - 2020-22 અંતર્ગત તાજેતરમાં રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં કયા કાર્યક્રમનું આયોજન થયેલ હતું ?

(A) ન્યૂટ્રીશનલ ફૂડ ફેસ્ટીવલ
(B) પોષણની બાળ અદાલત
(C) પોષણની મેરેથોન
(D) પોષણ રેસીપી સ્પર્ધા

(96) રાજ્યમાં આવેલ ગ્રાન્ટ ઇન એઇડ સંસ્કૃત પાઠશાળાઓને અનુદાન ચુકવણીની કામગીરી કઈ કચેરી દ્વારા કરવામાં આવે છે ?

(A) ભાષા નિયામકની કચેરી
(B) નિયામક, શાળાઓની કચેરી
(C) કમિશ્નર, મ.ભો.યો.ની કચેરી
(D) સંસ્કૃત ભારતી મહાવિદ્યાલય

(97) મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના કયા વર્ષથી રાજ્યમાં અમલમાં મુકવામાં આવી છે ?

(A) 2005
(B) 2010
(C) 2015
(D) 2017

(98) રાજ્યનાં સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો કઈ યોજના હેઠળ પુરાં પાડવામાં આવે છે ?

(A) મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના
(B) વિદ્યા સાધના યોજના
(C) સરસ્વતી સાધના યોજના
(D) ગુર્જરી પુસ્તકાલય પ્રસાર યોજના

(99) માધ્યમિક શાળાઓને નિભાવ ગ્રાન્ટની ફાળવણી કોણ કરે છે ?

(A) નિયામક, શાળાઓની કચેરી
(B) નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરી
(C) સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી
(D) કમિશ્નર, ઉચ્ચ શિક્ષણની કચેરી

(100) ICDS એટલે શું ?

(A) સંગ્રહિત બાલ માહિતી યોજના
(B) સાંસ્કૃતિક બાલ વિકાસ યોજના
(C) ભારતીય બાલ વિકાસ યોજના
(D) સંકલિત બાલ વિકાસ યોજના

**SPACE FOR ROUGHJ WORK**

**SPACE FOR ROUGHJ WORK**

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરિક્ષાખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**